**૨. શૈક્ષણિક ધિરાણ યોજના (Educational Loan):**

આ યોજના હેઠળ વિવિધ તાંત્રિકી અને બિન તાંત્રિકી શિક્ષણ કે જેના દ્વારા લાભાર્થી માટે રોજગારી અથવા નોકરીની વિશેષ તકો ઉભી થતી હોય તેવા તમામ પ્રકારના શિક્ષણ માટે ધિરાણ અપાય છે.

આ યોજના હેઠળ દેશમાં અભ્યાસ કરવા માટે વર્ષ દીઠ વધુમાં વધુ રૂા. ૧.૫૦ લાખ અને પાંચ વર્ષના અભ્યાસ માટે વધુમાં વધુ રૂા. ૭.૫૦ લાખનું ધિરાણ મળી શકે છે. મેડીકલના અભ્યાસક્રમ માટે ૧ વર્ષના રૂા. ૨.૫૦ લાખ ૫ વર્ષ માટે રૂા. ૧૨.૫૦ લાખ વિદેશ અભ્યાસ માટે વધુમાં વધુ ૧ વર્ષ માટે ૩ લાખ અને ૫ વર્ષ માટે ૧૫.૦૦ લાખની ધિરાણની જોગવાઈ છે વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૯૮૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ. ૧૨૦૦૦૦/- છે. આ ધિરાણ પર વાર્ષિક ૩% ના દરે વ્યાજ ચૂકવવાપાત્ર થાય છે.

રાષ્ટ્રીય નિગમની ક્રેડીટ લાઈન-૨ મુજબ રૂ.૧,૨૦,૦૦૦/- ઉપર ૮ લાખ સુધી આવક ધરાવતા કુટુંબો માટે વ્યાજનો દર વિધાર્થીની માટે ૫% અને વિધાર્થી માટે ૮% છે. ધિરાણ તથા વ્યાજની રકમ અભ્યાસ પૂર્ણ થયા બાદ છ મહિના પછી અથવા તો નોકરી મળે તે બે માંથી જે વહેલું હોય ત્યારથી પાંચ વર્ષમાં એક સરખા ૬૦ માસિક હપ્તાઓમાં પરત ચૂકવવાની રહે છે. વિલંબિત થયેલ ચૂકવેલી પર ૨% ના દરે દંડનીય વ્યાજ ચૂકવવાનું થાય છે.

અરજદારની ઉંમર : ૧૬ વર્ષ થી ૩૨ વર્ષની હોવી જોઈએ.

**૩. માઇક્રો ફાયનાન્સ યોજના:**

આ યોજના હેઠળ અલ્પસંખ્યક સમુદાયના સ્વસહાય જુથના સભ્યો પૈકી ૭૫% સભ્યો અલ્પસંખ્યક સમુદાયના સભ્યો ધરાવતા સ્વસહાય જુથોને તે વિસ્તારની સારી શાખ ધરાવતી બિન સરકારી સંસ્થા મારફત ધિરાણ આપવામાં આવે છે. આવું સ્વસહાય જુથ ઓછામાં ઓછુ ૨૦ સભ્યોનું બનેલું હોવુ જોઈએ અને ઓછામાં ઓછા ૧ (એક) વર્ષથી સારી રીતે કાર્યરત હોવું જરૂરી છે. આવા જુથના સભ્યદીઠ વધુમાં વધુ રૂા. ૧,૦૦,૦૦૦- સુધીનું ધિરાણ મળી શકે છે. આ યોજના હેઠળ નિગમ દ્વારા બિન સરકારી સંસ્થાને ૨% ના દરે અને સંસ્થાએ સ્વસહાય જુથના સભ્યોને વધુમાં વધુ વાર્ષિક ૭% ના વ્યાજના દરે ધિરાણ આપવામાં આવે છે આ ધિરાણ ૩(ત્રણ) વર્ષમાં ૩૬ એક સરખા હપ્તાઓમાં નિગમને પરત ચૂકવવાનું હોય છે. ચૂકવણીમાં થયેલ વિલંબ પર ૨% ના દરે દંડનીય વ્યાજ ચૂકવવા સંસ્થા-લાભાર્થી જવાબદાર બને છે.

**૪. અલ્પસંખ્યક સમુદાયના હસ્તકલાના કારીગરો માટે બજારની વ્યવસ્થા :**

આ યોજના હેઠળ રાષ્ટ્રીય અલ્પ સંખ્યક વિકાસ અને નાણાં નિગમ નવી દિલ્હી દ્વારા હસ્તકલાના કારીગરો માટે પ્રદર્શન કમ વેચાણ મેળાનું આયોજન કરવામાં આવે છે. જેમાં કારીગરોને વેચાણ સ્થળ (સ્ટોલ) ની ફાળવણી કરવામાં આવે છે. કારીગરોને વેચાણ સ્થળે માલ લઈ જવા માટે વાહનોનો ખર્ચ, મુસાફરી ખર્ચ તથા મેળાના સમયગાળામાં રહેવા-જમવાનો ખર્ચ પણ નિયત દરે રાષ્ટ્રીય નિગમ દ્વારા ચૂકવવામાં આવે છે.

- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગરના આદેશો અનુસાર લોન મેળવનાર લાભાર્થીએ લોનની રકમ અનુસારના જામીનગીરી પત્રો ભરવાના થાય છે.

**વધુ માહિતી માટે ગાંધીનગર ખાતે નિગમની કચેરીનો અથવા જીલ્લાની જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિકસતી જાતી)ની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.**


**ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ**

ભોંયતળિયે અને બીજો માળ, બ્લોક નંબર : ૧૧,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
ફોન નંબર : (૦૭૯) ૨૩૨ ૫૩૮૪૩, ૨૩૨ ૫૪૫૮૩, ૨૩૨ ૫૩૭૫૭
e-mail : md-gmfdcl@gujarat.gov.in
www.sje.gujarat.gov.in


# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ

**અલ્પસંખ્યક સમુદાય**

**ધાર્મિક : મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, જૈન, બૌધ્ધ, પારસી, યહૂદી**

**ભાષાકિય : સિંધી, મરાઠી, ઉર્દુ**

ગુજરાત સરકાર અને રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને
નાણાં નિગમ દિલ્હીની યોજનાઓ



**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
માનનીય વડાપ્રધાનશ્રી, ભારત



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય



**શ્રીમતી ભાનુબેન બાબરીયા**
માનનીય મંત્રીશ્રી
સામાજિક ન્યાય અને અધિકારીતા,
મહિલા અને બાળ કલ્યાણ,
ગુજરાત રાજ્ય



**શ્રી ભીખુસિંહ પરમાર**
માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી
સામાજિક ન્યાય અને અધિકારીતા,
અન્ન અને નાગરિક પુરવઠા,
ગુજરાત રાજ્ય


**ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ**

ભોંયતળિયે અને બીજો માળ, બ્લોક નંબર : ૧૧,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
ફોન નંબર : (૦૭૯) ૨૩૨ ૫૩૮૪૩, ૨૩૨ ૫૪૫૮૩, ૨૩૨ ૫૩૭૫૭
e-mail : md-gmfdcl@gujarat.gov.in
www.sje.gujarat.gov.in





મુદ્રક : પૂર્ણિમા પ્રિન્ટીંગ પ્રેસ, ગાંધીનગર - ૯૮૦૨૫૪૫૦૧૭૫





CamScanner
CamScanner

## નિગમની સ્થાપના ઉદ્દેશો અને હેતુઓ

રાજ્યના અલ્પસંખ્યક સમુદાયના આર્થિક રીતે નબળા વર્ગોના આર્થિક ઉત્કર્ષ માટે વર્ષ ૧૯૯૯માં ગુજરાત લઘુમતિ બોર્ડને ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમમાં રૂપાંતર કરવામાં આવેલ છે. આ નિગમ રૂા. ૨૦.૦૦ કરોડની અધિકૃત શેરમૂડી ધરાવતું ભારતીય કંપની ધારા હેઠળ નોંધાયેલ નિગમ છે. નિગમની ભરપાઈ થયેલ શેરમૂડી રૂા.૨૦,૦૦કરોડ છે.

નિગમ રાજ્ય સરકાર અને રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ, નવી દિલ્હીની યોજનાઓનું અમલીકરણ કામગીરી કરે છે.

૧. અલ્પસંખ્યકો પૈકી આર્થિક રીતે નબળા ઈસમોના આર્થિક અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું.

૨. અલ્પસંખ્યક વર્ગોની વ્યક્તિઓ કે વ્યક્તિઓના જુથોને આર્થિક તથા નાણાંકીય રીતે નભી શકે તેવી યોજનાઓ અને પરિયોજનાઓ માટે સરકારશ્રી દ્વારા વખતો વખત ઠરાવે તે મુજબની આવક મર્યાદા અને આર્થિક માપદંડને આધિન રહીને ઓછા વ્યાજે ધિરાણ પુરૂ પાડવું.

૩. અલ્પસંખ્યકોના લાભાર્થીને સ્વરોજગાર અને અન્ય વ્યવસાયિક સાહસોને પ્રોત્સાહન આપવું.

૪. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને ભારતીય રીઝર્વ બેંકે દર્શાવલી માર્ગદર્શક સૂચનાઓ મુજબ યોજનાઓ અનુસાર વખતોવખત નક્કી કરવામાં આવે તે વ્યાજ દરે ધિરાણ આપવું.

૫. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના ટેકનીકલ વ્યવસાયલક્ષી તેમજ તબીબી અને મેડીકલ કક્ષાના અભ્યાસક્રમોમાં શિક્ષણ મેળવવા અલ્પસંખ્યક સમુદાયના પાત્ર વિધાર્થીઓને લોન આપવી.

૬. ઉત્પાદક એકમોના યોગ્ય અને કાર્યક્ષમ સંચાલન માટે અલ્પસંખ્યક સમુદાયના ઈસમોના ટેકનીકલ અને ઉદ્યોગ સાહસિકતા વિષયક કૌશલ્યની કક્ષા ઉંચી લાવવામાં મદદ કરવી.

૭. રાજ્ય સરકાર દ્વારા અન્ય સમાજની હરોળમાં લાવવા અલ્પસંખ્યકોના આર્થિક વિકાસ માટે મદદ કરવાની જવાબદારી માટે નિયુક્ત કરેલ તમામ કચેરીઓ/નિગમો/બોર્ડ સંસ્થાઓની કામગીરીના સંકલન સાથે ટોચની સંસ્થા તરીકે કામ કરવું.

૮. અલ્પસંખ્યકોના વિકાસ માટેની સરકારશ્રીની નીતિઓ અને કાર્યક્રમોને આગળ ધપાવવામાં મદદ કરવી.

## અલ્પસંખ્યક ધાર્મિક અને ભાષાકીય સમુદાયો

| | | |
|---|---|---|
| ધાર્મિક અલ્પસંખ્યક સમુદાયો | : | ૧. મુસ્લિમ, ૨. ખ્રિસ્તી, ૩. શીખ, ૪. જૈન, ૫. બૌધ્ધ, ૬. પારસી, ૭. યહૂદી |
| ભાષાકીય સમુદાયો | : | ૧. સિંધી, ૨. મરાઠી, ૩. ઉર્દુ |

## અલ્પસંખ્યક સમુદાયના ઈસમો માટે યોજનાઓ

અ. રાજ્ય સરકાર અને રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ, નવી દિલ્હીની યોજનાઓ :

આ યોજનાઓ હેઠળ અલ્પસંખ્યક સમુદાયના આર્થિક રીતે નબળા સમુદાય માટે મુખ્યત્વે ત્રણ યોજનાઓ અમલમાં છે.

(૧) મુદતી ધિરાણ, (૨)શૈક્ષણિક લોન, (૩)માઈક્રો ક્રેડીટ

અરજદારે યોજનાનો લાભ લેવાની પાત્રતા.

૧. અરજદાર ગુજરાત રાજ્યના અલ્પસંખ્યક ધાર્મિક સમુદાય (મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, જૈન, બૌધ્ધ, પારસી અને યહૂદી તથા ભાષાકીય સમુદાય - સિંધી, મરાઠી, ઉર્દૂ) જાતિના હોવા જોઈએ.

૨. અરજદાર જે વ્યવસાય માટે ધિરાણ મેળવવા માંગતા હોય તેનો અનુભવ કે તાંત્રિક વ્યવસાયની જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૩. અરજદાર અથવા તેના કુટુંબના કોઈ સભ્ય ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમીટેડ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર સહિત કેન્દ્ર/રાજ્ય સરકારના કોઈ અન્ય નિગમ/સંસ્થા અથવા બેંક પાસેથી ધિરાણ મેળવેલ હોવું જોઈએ નહીં.

## યોજનાઓ

### ૧. મુદ્દતી ધિરાણ યોજના (Term Loan) :

આ યોજના હેઠળ નીચે જણાવેલ વિવિધ ક્ષેત્રના વ્યવસાયો માટે રૂા. ૧.૦૦ લાખથી ૨૦.૦૦ લાખ સુધીનું ધિરાણ આપવામાં આવે છે.

૧. ખેતીવાડી અને તેના સંલગ્ન વ્યવસાય જેવા કે પશુપાલન, મત્સ્યોદ્યોગ વિગેરે

૨. ટેકનીકલ પ્રકારના સ્વરોજગારના વ્યવસાયો.

૩. સેવા પ્રકારના વ્યવસાયો જેવા કે પ્રોવિઝન સ્ટોર, રેડીમેડ ગારમેન્ટ, ફાસ્ટ ફૂડ, ઠંડા પીણાનું પાર્લર, ઓટો રીપેરીંગ, બ્યુટી પાર્લર વિગેરે

૪. હસ્તકલાના વ્યવસાયો.

૫. ટ્રાન્સપોર્ટ સેકટર.

વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર ૯૮૦૦૦/- શહેરી વિસ્તાર માટે ૧૨૦૦૦૦/- આ ધિરાણ વાર્ષિક ૬% વ્યાજના દરે આપવામાં આવે છે. રૂ. ૧૨૦૦૦૦ થી વધુ અને ૮૦૦૦૦૦ સુધી આવક ધરાવતા કુટુંબ માટે વ્યાજનો દર પુરુષ માટે ૮% અને મહિલા માટે ૬% છે. વધુમા વધુ ૨૦ લાખ સુધી ધિરાણ આપવામાં આવે છે. લાભાર્થીને મળેલ ધિરાણ વ્યાજ સહિત પાંચ વર્ષમાં ૬૦ એક સરખા હપ્તાઓમાં નિગમને પરત ચૂકવવાનું હોય છે. લાભાર્થીએ કરેલ મોડી ચૂકવણી બદલ તેઓ ૨% દંડનીય વ્યાજ ચૂકવવા જવાબદાર થાય છે.

અરજદારની ઉંમર: ૨૧ વર્ષ થી ૪૫ વર્ષની હોવી જોઈએ.



CamScanner
CamScanner